# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ જી કે જનરલ હોસ્પિટલ સામે ભુજ

ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૧/001 તારીખ: 06 JAN 2022

રજી. એ. ડી. દ્વારા

પ્રતિશ્રી,

કરંદ નારણ ભગા,

લખાગઢ,

તા. રાપર,

મોબાઇલ નંબર:- ૯૫૩૭૭ ૬૩૫૦૭

વિષય :- કેસ નંબર પીજી ૦૩/૦૦૩/૨૦૨૧-૨૨

સંદર્ભ :- આપની અરજી નોંધણી નં. પીજી ૦૩/૦૦૩/૨૦૨૧-૨૨

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

કન્વીનર

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, અંજાર

(૨) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભચાઉ

(૩) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, ભીમાસર

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ—કચ્છ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ,જી.કે.જનરલ હોસ્પીટલ સામે, ભુજ – કચ્છ.

ફોન નં.(૦૨૮૩૨) ૨૫૩૫૫૦ ફેકસ નં.(૦૨૮૩૨) ૨૫૦૦૪૮

ઈમેલ : forumbhuj.pgvcl@gebmail.com


નં.કેસી/સીજીઆરએફ/૨૦૨૧ તા. / /૨૦૨

૨૦૦૩ ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિમયો ૨૦૧૧ જાહેરનામાં નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-03-003-2021-22

કરંડ નારણ ભગા
રહે.ગામ: લખાગઢ,
તા.રાપર – કચ્છ. .............અરજદાર.

વિરુધ્ધ.

નાયબ ઈજનેરશ્રી
પીજીવીસીએલ, ઝોનલ ઓફીસ
ભુજ – કચ્છ. ...........સામાવાળા.

બાબતઃ– સેવામાં ખામી અંગે....

અરજદાર તરફે :– જાતે
સામાવાળાના તરફે :– શ્રી
નાયઈ ઈજનેરશ્રી, ભીમાસર

ફોરમ : (૧) શ્રી સી.વી.ઠાકર – ચેરપર્સન
(૨) શ્રી આર.જી.કુંપાવત – સ્વતંત્ર મેમ્બર

ફરીયાદ નિવારણ ફોરમ ભુજ

સુનાવણી સ્થળઃ કોન્ફરન્સ હોલ,પીવીસીએલ, વતૃળ કચેરી,ભુજ
તા: / /૨૦૨

# ઠરાવ

૧. આ કામના અરજદારની અરજીની હકીકત એવી છે કે, અરજદાર લખાગઢ મધ્યે રહે છે અને ખેતીકામ કરે છે અરજદાર સામાવાળા પીજીવીસીએલ.કચેરીનું ખેતી વિષયક વીજ જોડાણ ગ્રાહક નં. ૮૬૨૨૩/૧૦૩૦૭/૪ વાળું ધરાવે છે અને સદર વિજ કનેકશનના પોલ સાથે જોડાયેલ ઉપરના વાયર જે આઠ ગાળા એટલે કે આશરે ૧૨૦૦ મીટરના હતા તે વાયરની ચોરી તા.૧૦–૧૧–૨૦૧૯ થી તા.૨૬–૧૧–૨૦૧૯ સુધીના સમયગાળામાં થયેલ અને અરજદાર તા.૨૬–૧૧–૨૦૧૯ ના રોજ સ્થળ પર જતા સદર ચોરી અંગેની જાણ થતાં સામાવાળાની ભીમાસર કચેરીમાં તા.૪–૧૨–૨૦૧૯ ના રોજ અરજી કરી જાણ કરતા તપાસ કરાવી લેવાનું જણાવેલ અને ત્યારબાદ જે વિજ વપરાશના બીલો આવેલ તે પણ ભરપાઈ કરેલ તેમ છતાં વિજ પોલ લગાડવામાં આવેલ નહી અને જેના કારણે ફરીયાદીના ઉભા પાકને નુકસાન થયેલ ત્યારબાદ લાંબા સમય સુધી તપાસ કરતા જાણવા મળેલ કે સદર વિજ કનેકશન રદ થયેલ છે અને તે રીતે અરજદારનું વિજ કનેકશન વિજ કંપનીએ ખોટી રીતે રદ કરેલ હોઈ સદર વિજ કનેકશન તાત્કાલીક ચાલુ કરી આપવા દાદ માંગેલ છે.

૨. આ કામના સામાવાળા પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ભીમાસર સબ ડીવીઝન તરફથી જવાબ રજુ કરવામાં આવેલ છે જેમાં જણાવ્યા મુજબ અરજદારને ગ્રાહક નં. ૮૬૨૨૩/૧૦૩૦૭/૪ કરારીત વિજભાર ૧૫.૦ હો.પા.નું સર્વે નં.૧૭૬/૪ માં કનેકશન આપવામાં આવેલ જે વિજ કનેકશન ફેબ્રુ.,માર્ચ ૨૦૧૯ માં નોર્મલથી વાય સ્ટેટસમાં ગયેલ છે સ્થળ પર તપાસ કરતા વિજ મીટર તથા ટ્રાન્સફોર્મર લાગેલ છે અને આઠ ગાળાનો વિજ વાયર ચોરાઈ ગયેલ છે જે નાખવાની તજવીજ ચાલુમાં છે તેમજ નિયમ મુજબ નોર્મલ સ્ટેટસમાં કરી સદર વિજ કનેકશન ચાલુ કરી આપવામાં આવશે વિગેરે હકીકત જણાવેલ છે.

૩. બન્ને પક્ષકારોની રજુઆત જોતા તેમજ અરજદાર તરફે તા.૧૬–૧૨–૨૦૨૧ ના રોજ પત્ર લખવામાં આવેલ છે જેમાં જણાવ્યા મુજબ વાદગ્રસ્ત વિજ કનેકશન અન્વયે સંતોષકારક કામગીરી કરવામાં આવેલ હોઈ સદર ફરીયાદ પરત ખેંચવા સંમતી આપેલ છે તેમજ આ પ્રકારની ફરીયાદ કરીશ નહી તેમ જણાવેલ હોઈ ફરીયાદીની ફરીયાદ બાદ વિજ કંપની તરફથી સદર ગ્રાહકના વિજ કનેકશન અન્વયે યોગ્ય સંતોષકારક કામગીરી કરી આપવામાં આવેલ હોવાનું ફરીયાદીએ જાહેર કરી ફરીયાદ પરત ખેંચવા રજુઆત કરેલ હોઈ સદર ફરીયાદ અરજી બાબતે અરજદારને હવે કોઈ વાંધો કે તકરાર નથી તે મુજબ પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોવાની હકીકત સ્પષ્ટ થાય છે આથી આ કામે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

ફરીયાદ નિવારણ ફોરમ પી.જી.વી.સી.એલ. ભુજ

## —: હુકમ :—

આથી આ કામે એવો હુકમ કરવામાં આવે છે કે, અરજદારને હવે સદર વિજ કનેકશન બાબતે સામાવાળા વિરુધ્ધ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ સદર અરજી તેઓ પરત ખેંચવા માંગતા હોવાનું જાહેર કરેલ હોઈ અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા. / /૨૦૨૧ ના રોજ જાહેર કર્યો

(આર.જી.કુંપાવત)
સ્વતંત્ર મેમ્બર

(સી.વી.ઠાકર)
ચેરપર્સન

*ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ—કચ્છ.*